વંચાણે લીધાઃ- અત્રેની કચેરીના પરીપત્ર નં.નકૃયુ/કોમ્પ્ટ/બજેટ-3/2014-15/નોનપ્લાન 4450/
તા.04-06-2014

# પરિપત્ર

વિષયઃ- **Non-Plan** યોજનાના વર્ષ 2015-16 ના અંદાજોતથા વર્ષ 2014-15 ના સુધારેલા અંદાજો મોકલવા બાબત...

ઉપરોક્ત વંચાણે લીધેલ પરીપત્રથી નોનપ્લાન યોજનાના વર્ષ 2015-16 ના અંદાજો તથા વર્ષ 2014-15 ના સુધારેલ અંદાજો તૈયાર કરી સંશોધન નિયામકશ્રીની ભલામણ સાથે આ કચેરીને રજૂ કરવા જણાવવામાં આવેલ હતુ. જેમાં આ કચેરીની તા.27-06-2014 ની નોંધ ઉપર મા.કુલપતિશ્રીએ આપેલ મંજૂરીને ધ્યાને લઈ નોનપ્લાન યોજનાનાં અંદાજો મોકલવા બાબત નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

(1) સંશોધનની યોજનાઓ માટે સંશોધન નિયામકશ્રીની ભલામણ મેળવી અંદાજો રજૂ કરવાના રહેશે.
(2) વિસ્તરણ શિક્ષણની યોજનાઓ માટે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની ભલામણ મેળવી અંદાજો રજૂ કરવાનાં રહેશે.
(3) શિક્ષણની યોજનાઓ માટે કુલસચિવશ્રીની ભલામણ મેળવી અંદાજો રજૂ કરવાના રહેશે.

ઉપરોક્ત વિગતે સને 2015-16 ના અંદાજો તથા 2014-15 ના સુધારેલ અંદાજો ભલામણ સહિત મોકલવાની છેલ્લી તા.30-06-2014 જણાવેલ તેના બદલે હવે ઉપર મુજબની યોજનાઓનાં અંદાજો મોકલવાની છેલ્લી તા.31-07-2014 સુધીમાં રજૂ કરવાના રહેશે.

સ્થળઃ- નવસારી
તારીખઃ- 27-06-2014

હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામક

---

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/બજેટ-3/2014-15/નોનપ્લાન/5104/2014

હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી. તા.27-06-2014

નકલ સવિનય રવાનાઃ-

1. આ યુનિવર્સિટીની તમામ કચેરીનાં વડાશ્રીઓ તરફ ઉપરોક્ત વિગતે અમલ થવા સારૂ...
2. સંશોધન નિયામકશ્રી, ન.કૃયુ. , નવસારી તરફ આપની કચેરીના પત્ર નં.સનિ/પ્લાન/5570-71/ તા.24-06-14 તથા આ કચેરીની તા.27-06-2014 ની નોંધની નકલ સાથે જાણ સારૂ
3. કુલસચિવશ્રી, ન.કૃયુ. , નવસારી તરફ આ કચેરીની તા.27-06-2014 ની નોંધની નકલ સાથે જાણ સારૂ
4. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ન.કૃયુ. , નવસારી તરફ આ કચેરીની તા.27-06-2014 ની નોંધની નકલ સાથે જાણ સારૂ
5. વહિવટી-વ-હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
6. આ કચેરીના કંમ્પાઈલેશન શાખા તરફ....